જલાલપોરમાં 4 ઇંચ, ગણદેવીમાં 3.5 ઇંચ, નવસારીમાં 2.75 ઇંચ વરસાદ, કબીલપોર વિસ્તારમાં 3 કલાક વીજડૂલ

તાઉતેની તારાજીથી પણ તંત્રે બોધપાઠ ન લીધો

મેઘરાજાની એન્ટ્રી, જિલ્લો જળબંબાકાર

નવસારી અને બીલીમોરા નગરપાલિકાના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા, ઠેર-ઠેર ટ્રાફિકથી વાહલચાલકો પરેશાન

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારી જિલ્લામાં ચોમાસાનો પ્રારંભ એક સપ્તાહ પહેલા થયો હતો. નવસારીમાં ગુરૂવારે મેઘરાજાની વિધિવત એન્ટ્રી થઈ હતી. ચોમાસાની શરૂઆતમાં જ નવસારી-વિજલપોર પાલિકાની પ્રિમોન્સુન કામગીરીના પજાગરા ઉઠ્યાં હતા. આ અગાઉ પણ વરસાદી ઝાંપટા પડ્યાં ત્યારે પાલિકાએ પૂરતી કામગીરીના દરાવા ચોમાસાની શરૂઆતમાં જ ઠેર-ઠેર પાણી ભરાઇ ગયા હતા. જેને કારણે વાહન ચાલકોને હાલાકી ભોગવવી પડી હતી. પાલિકા સત્તાધીશોએ અગાઉના સામાન્ય વરસાદને ધ્યાને લઈ જે કામગીરી કરવાની હતી. તેમાં નવસારી ઉપરાંત બીલીમોરા પાલિકા પણ નિષ્ફળ રહી હોય તેવું સ્થિતિ જોતા સ્પષ્ટ થયું છે. હવે આખુ ચોમાસુ લોકોએ તેને ભોગ બનવું પડશે. એ કહેવું અતિશયોક્તિ નહીં ગણાય.

નવસારીમાં વારસાદની વાત કરીએ તો નવસારીમાં પોણા ત્રણ ઈંચ, જલાલપોરમાં 2.75 ઈંચ, ગણદેવીમાં 3.5 ઈંચ, ચીખલીમાં 1 ઈંચ, ખેરગામમાં પોણા બે ઈંચ અને વાંસદામાં 2 મિમી વરસાદ પડ્યો હતો. વરસાદની એન્ટ્રી થતા કબીલપોર વિસ્તારમાં 3 કલાક વીજડૂલ થઈ ગઈ હતી. જછેલ્લા 24 કલાકમાં દરેક તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં નવસારીમાં 70 મિમી, જલાલપોરમાં 92 મિમી, ગણદેવીમાં 85 મિમી, ચીખલીમાં 26 મિમી, ખેરગામમાં 46 મિમી અને વાંસદામાં 2 મિમી વરસાદ નોંધાયો હતો. નવસારીમાં લુન્સીફુઈ, ઝીંડ ચોકડી પાસે, મંડાળિયા રોડ અને શહેરના માર્ગો પર નિકાલનો કોઈ માર્ગ નહીં હોય પાણી રાજમાર્ગો અને નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા.

નવસારીમાં એરૂ રોડ પર પોલીસ હેડ ક્વાર્ટર આવેલું હોય ત્યાંથી મેજીસ્ટેનન્સ માટે જતી જીપ નંબર (GJ AT Navsari) પર વિશાળ વૃક્ષ પડતા ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો. જીપનો ડ્રમ્યરાબાજ થઈ ગયો હતો. વૃક્ષ પડવાને કારણે દાંડી ગામ તરફ જતા માર્ગ પર ટ્રાફિક જામ થયો હતો. હાલ ભારતીય મોસમ વિભાગે પણ 18મી જૂને પણ નવસારી જિલ્લામાં છુટોછવાયો વરસાદ પડવાની આગાહી કરી છે.

નવસારીમાં 24 કલાકનો વરસાદ

તાલુકા	નોંધાયેલો વરસાદ
નવસારી	70 મિમી
જલાલપોર	92 મિમી
ગણદેવી	85 મિમી
ચીખલી	26 મિમી
ખેરગામ	46 મિમી
વાંસદા	2 મિમી

(બુધવારે સાંજે 4 થી ગુરૂવારે સાંજે 4 સુધી)

મહત્તમ તાપમાન 3 ડિગ્રી ઘટ્યું, ભેજનું પ્રમાણ વધ્યું

નવસારીમાં ગુરૂવારે મહત્તમ તાપમાનમાં 3 ડિગ્રી ઘટી 29.5 નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 24.5 ડિગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે 87 ટકા હતું, બપોરે ભેજમાં વધારો થતા 92 નોંધાયું હતું. ગુરૂવારે દિવસ દરમિયાન આકાશમાં થોડા સમય માટે જ સુરજદ્રાકાની હાજરી દેખાઈ હતી.

બીલીમોરા સહિત ગણદેવી તાલુકામાં સાડા ત્રણ ઇંચ વરસાદ

બીલીમોરા | બીલીમોરા સહિત ગણદેવી તાલુકામાં ગુરૂવારે સવારે 6 વાગ્યાથી બપોરે 4 વાગ્યા સુધી સાડા ત્રણ ઈંચ (85 મિ.મી.) નોંધાયા સાથે મોસમનો 96 મિ.મી. 4 ઈંચ વરસાદ નોંધાયો હતો. પહેલા વરસાદે જ પાલિકાની પ્રિ-મોન્સુ કામગીરી પોલ ઉઘાડી કરી દીધી હતી. બીલીમોરાના માર્ગો ઉપર ઠેર ઠેર પાણીના ખાબોચીયા ભરાયા હતા. બીલીમોરા રેલવે અંડરપાસમાં પાણીના ભરાવાના કારણે રેલવે ક્રાટ પર ટ્રાફિકના દ્રશ્યો સર્જાયા હતા તેમજ જાહેર માર્ગો પર ભારે વરસાદના કારણે પાણી ભરાઇ હતા. જ્ય જલારામ હોટલ પાસે, પ્રજાપતિ વાડી પાસે પાણી ભરાયા હતા. જોકે તાલુકામાં કોઈપણ જગ્યાએ કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો, સાડા ત્રણ ઈંચ વરસાદ વચ્ચે અંબિકા નદીમાં નવા નીરની આવક થઈ હતી. વાવણીલાયક વરસાદને પગલે ખેડૂતો ખેતીકામમાં જોતરાયા હતા. બીજી તરફ પાલિકા વિસ્તારની પ્રિમોન્સુન કામગીરીને લઈને પણ અનેક સવાલો ઉભા થયા છે.

જૂન માસના પ્રારંભથી જ ડાંગમાં વરસાદની હેલી

સાપુતારા, આહવા, વઘઇ પંથકના પૂર્વપટ્ટીનાં ગામોમાં વરસાદી ઝાંપટા

સર્વત્ર વરસાદના પગલે શીતલહેર પ્રસરી

આહવા | ડાંગ જિલ્લામાં ગિરિમથક સાપુતારા, આહવા, વઘઈ સહિત પૂર્વપટ્ટીનાં ગામડાઓમાં ગુરૂવારે સમ્યાંતરે વરસાદી ઝાપટા પડતા સર્વત્ર પંથકોમાં શીતલહેર વ્યાપી ગઈ છે. ડાંગ જિલ્લામાં જૂન મહિનાનાં પ્રારંભમાં એક સપ્તાહ સુધી સતત વરસાદ પડતા વિધિવત ચોમાસાનું આગમન થયું હતું. બાદમાં સમ્યાંતરે એક બે દિવસનાં વિરામ બાદ વરસાદી ઝાપટા પડતા સમગ્ર પંથકોમાં શીતલહેર વ્યાપી ગઈ છે. ડાંગના ગિરિમથક સાપુતારા, આહવા, વઘઈ, સુબીર સહિત પૂર્વપટ્ટીના ગામડામાં ગુરૂવારે અસહ્ય બફારા બાદ સમ્યાંતરે વરસાદી ઝાપટાનો માહોલ સર્જાતા સમગ્ર પંથકોમાં શીતલહેર વ્યાપી ગઈ છે. સાપુતારામાં વરસાદ બાદ રોજેરોજ સર્જાતું ધુમ્મસીયા વાતાવરણ પ્રવાસીઓનાં મનને પ્રફુલ્લિત કરી રહ્યું છે. ડાંગમાં સમ્યાંતરે પડી રહેલા વરસાદી માહોલનાં પગલે ડાંગી ખેડૂતો ખેતીકામોમાં વ્યસ્ત જોવા મળી રહ્યાં છે.

વલસાડમાં 44 વર્ષીય મહિલાનું કોરોનાથી મોત, જિલ્લામાં 8 સંક્રમિત

8 દર્દી કોરોનાને માત આપી સાજા થયા

ભાસ્કર ન્યૂઝ | વલસાડ

વલસાડ જિલ્લામાં ગુરૂવારે કોરોના પોઝિટિવના 8 દર્દી મળી આવ્યા હતા.જેમાં માત્ર વલસાડ તાલુકામાં 7 અને ધરમપુર તાલુકામાં 1 દર્દીનો સમાવેશ થાય છે.આ સાથે 8 દર્દીઓ પણ કોરોનાને માત આપી સાજા થઈ ગયા હતા.જો કે વલસાડ હાલરની 44 વર્ષીય મહિલા દર્દીનું સારવાર દરમિયાન મોત થયું હતું.

કોરોનાના કેસોની સતત ઘટતી જતી સંખ્યા સાથે જનજીવન ધીમે પ્રી રહ્યું છે.છેલ્લા એક સપ્તાહથી સિંગલ ડિજિટમાં કેસ સામે આવી રહ્યા છે જેનાથી તંત્ર અને લોકોને રાહતની અનુભૂતિ થઈ રહી છે.જો કે હજુ કોરોના ગયો નથી તે હકીકત નજર અંદાજ કરવાની ભૂલ કોઈપણ કાળે ચલાવી લઈ શકાય તેમ નથી.માસ્ક,સોશિયલ ડિસ્ટેન્સિંગ,સેનેટરાઈઝિંગ જેવી કોરોનાથી બચવા માટેની કોવિડ-19ની ગાઈડલાઈન અને જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ચૂસ્ત અમલ કરવાનો રહેશે.ગુરૂવારે વલસાડ તાલુકામાં 7 અને ધરમપુરમાં 1 મળી કુલ 7 કેસ નોંધાયા હતા. જ્યારે વલસાડ હાલરમાં 44 વર્ષીય મહિલાનું મોત થયું હતું.8 દર્દી સાજા થઈ ગયા હતા.છેલ્લા એક સપ્તાહ બાદ મોત નોંધાતાં મૃત્યાંક વધીને 445 થયો છે.કુલ દર્દીની સંખ્યા 5957,એક્ટિવ 90 અને 5422 દર્દી સાજા થઈ ચૂક્યા છે. વલસાડ જિલ્લામાં બીજી લહેરમાં સૌથી વધુ સંક્રમિત કેસો વલસાડ અને પારડીમાં આવ્યાં હતાં. હાલમાં કોરોનાના કેસ ઘટી જતા લોકોએ રાહત અનુભવી છે.

નવસારીમાં મ્યુકરના વધુ 2 કેસ નોંધાયા

નવસારી | જિલ્લામાં કોરોનાની બીજી લહેર બાદ કોવિડ પોઝિટિવ આવેલ અનેક જણાને મ્યુકરમાઈકોસિસ થયો છે. હજુ ય કેસો નોંધાઈ રહ્યાં છે. ગુરૂવારે વધુ બે મ્યુકરના કેસ નોંધાયા હતા, જેમાં એક ગણદેવી તાલુકાના નાંદરખામાં અને બીજો વાંસદા તાલુકાના રૂપવેલામાં હતો. વધુ બે કેસ સાથે જિલ્લામાં મ્યુકરના કુલ કેસ 34 થઈ ગયા છે. હાલ સુધી સરકારી ચોપડે નોંધાયેલ કુલ 34 કેસમાં સૌથી વધુ કેસ નવસારી શહેર તાલુકામાં નોંધાયા છે. આ ઉપરાંત જલાલપોરમાં 6, ગણદેવીમાં 4, ચીખલીમાં 6 અને વાંસદા તાલુકામાં 7 કેસ છે. ગુરૂવારે જિલ્લામાં મ્યુકરમાઈકોસિસનું વધુ 1 દર્દીનું મૃત્યુ પણ થઈ ગયું.

બીલીમોરામાં ખાડામાં બાઈક ખાબકી, ચાલકનો બચાવ

રિપરેંગ બાદ ખાડો ન પૂરતા અકસ્માત

ભાસ્કર ન્યૂઝ | બીલીમોરા

બીલીમોરામાં ચિમોડિયા નાકા એસ.વી.પટેલ માર્ગ પર હાલ ટેમ્પરરી સર્વિસ રોડની કામગીરી દરમિયાન બુચવારે ડ્રેનેજ લાઈન અને પાણીની લાઈનમાં પડેલા ભંગાણની રિપરેંગની કામગીરી પાલિકાની એજન્સીના માણસો એ હાથ ધરી હતી. જે રીપરેંગ કામ માટે મસમોટો ખાડો કરવામાં આવ્યો હતો. જે રીપરેંગ કામગીરી બાદ આ ખાડો એમનો એમ છોડી દેવામાં આવ્યો હતો. દરમિયાન ગુરૂવાર વહેલી સવારથી પડેલા ભારે વરસાદના કારણે આ માર્ગ બનાવવામાં કરવામાં આવેલ ખાડા સહિત લાઈન રિપરેંગ કરવામાં આવેલા ખાડામાં પાણી ભરાયુ હતું. જેના કારણે આ માર્ગ પરથી વાહન લઈ જવું ખુબજ જોખમકારક હોવા છતાં એક બાઈક ચાલકે આ માર્ગ પોતાની બાઈક લઈ જવાનું સાહસ કરતા તે બાઈક સાથે આ ખાડામાં ખાબક્યો હતો. જ્યાં આસપાસના લોકો દોડી આવી તેને તુરંત બહાર ખેંચી કાઢ્યો હતો.જોકે તેની બાઈક ખાડામાં ખૂંપી ગઈ હતી.

અસ્વસ્થ યુવકનો ફાંસો ખાઈ આપઘાત

ભાસ્કર ન્યૂઝ | બીલીમોરા

બીલીમોરા ઓરિયા મોરિયામાં માનસિક રીતે અસ્વસ્થ યુવકે પોતાના ઘરે જ માળિયાના લાકડા સાથે નાઈટ પેન્ટ બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. રહુલભાઈ રાકોડ (ઉ.વ. 20, રહે. ભગુભાઈ માળીની ગલીમાં, ઓરિયા મોરિયા, બીલીમોરા) છૂટક મજુરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. રહુલ માનસિક રીતે અસ્વસ્થ પણ રહેતો હતો. તેની માતા ઘરકામ અને પિતા પણ મજૂરી કામ કરે છે અને ઘર પાસે આવેલા સાઈબાબા મંદિર પાસે ઝુંઝી જતા. ગતરોજ રહુલ ઘરે એકલો હતો ત્યારે ઘરે જ માળિયાના લાકડા સાથે નાઈટ પેન્ટ બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

હોમગાર્ડમાં 15 માસથી પસંદગી પામેલા 21 જવાનો હજુ નોકરીથી વંચિત

નવસારી | નવસારીમાં હોમગાર્ડની ભરતીમાં પાસ થયેલાં 21 યુવાને કલેક્ટરને પોતાને સત્વરે નોકરીમાં રાખવાનાં અને તેવી વેદના સાથે આવેદનપત્ર આપ્યું હતું. જેમાં જણાવ્યું કે 15 માસ પહેલા નવસારીમાં હોમગાર્ડની ભરતી થઈ હતી. જેની તમામ પરીક્ષામાં 21 યુવાન પાસ થયા હતા પણ નોકરીમાં તેમને નિમણુંક પત્ર આપવામાં આવ્યા ન હતા. પત્રમાં વધુ જણાવ્યું કે તમામ પ્રક્રિયા રૂઢ થયા 15 માસ થયા છે પરંતુ હજી સુધી કરજ શરૂ કરાઈ નથી. અહીં નવસારીની હોમગાર્ડ કચેરીમાં વારંવાર પૂછપૂછ કરતા જણાવવામાં આવેલું કે અહી નવસારી જિલ્લાની કચેરી તરફથી તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ છે. અ વ્રી કચેરી અમદાવાદમાં મુખ્ય અધિકારીની મહોર ન મારતા કરોના મહામારીની ભયંકર પરિસ્થિતિમાં હોમગાર્ડની અછત હોવા છતાં જનતાની સેવા કરવાથી વંચિત રહ્યા છે.

સ્મરણાંજલિ

તમારા દીપ સંસ્કારે વણઝિલાયા, ઉજિયાર અને સ્નેહ સરિતાં અવતરત. તમારી દુઃઃઃઃઃ મારદ્રય સમાની ભાવના, સુખ- દુઃખમાં દરેક પ્રસંગે હંમેશા દરેક જગ્યાએ હાજર રહેતાં. તમારી યાદ શદાય રહેશે.

સ્વ. નયનાબેન નલિનભાઇ જોષી
જન્મ-૧૯૪૦ - મૃત્યુ-૧૯૮૯

તમારી યાદમાં :
કાવ્યી, કિરણ, કિરીટ
સમસ્ત જોશી તથા પંડયા પરિવાર

વલસાડ હાઇવે પર 6 લાખના દારૂ સાથે એકની ધરપકડ

વલસાડ | વલસાડ હાઈવે પરથી પસાર થતા એક ટેમ્પોમાંથી રૂરલ પોલીસે રૂ.5.83 લાખનો દારૂનો વિશાળ જથ્થો ઝડપીપાડ્યો હતો.આ સાથે ટેમ્પોચાલકની ધરપકડ કરાઈ છે. વલસાડ રૂરલ પોલીસની ટીમ હાઈવે પર પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે બાતમી મળતા પોલીસે પારનેરા સુગર ફેક્ટરી પાસે નોચ ગોઠવી હતી.તે દરમિયાન વાપીથી સુરત તરફ જઈ રહેલા ટેમ્પોને અટકાવી ઝડતી લીધી હતી.જેમાં દારૂનાં 5304 બોક્ષ મળી આવ્યા હતા.જેની કિમત રૂ.5.83 લાખ થવા જાય છે.પોલીસે આ ટેમ્પોના ચાલક દિનેશ ભગવાન, રહે.બીલીમોરા, બાગિચા ફળિયાનાની ધરપકડ કરી ગુનો દાખલ કર્યો હતો.

-: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને જણ કરવાની કે પારડી તાલુકાનાં મોજે "ઉમરસડી" ગામે, આવેલી બ્લોક/સરવે નંબર-૩૭૫૦ (જુનો સરવે નંબર-૧૧૬૩/૧), ક્ષેત્રફળ-૦.૦ - ૮૪ આર. - ૫૩ એ.આરે., આકાર રૂા. ૨.૩૦ પૈસા વાળી મીલકત શ્રી દિલીપ ગુણવંતરાય દેસાઈ, સોલ્યાશી- બંગલો નંબર-૦૮, મંજુબહેન પ્રિમ સોસી, બાલાપારડી, જિલ્લા-પારડી તાલુકા-પારડી, જીલ્લા-વલસાડનાની સ્વતંત્ર માલીકીની અને કબજા ભોગવટા વહીવટની છે. અને મજકુર મીલકત પૈકી ક્ષેત્રફળ -૦,૫૯૭.૦૦ ચોરસ મીટરવાળી જમીન એનની બીનખેતી-બહુહેતુ ઉપયોગ માટેની જરૂરી પરવાનગી મહેરબાન વલસાડ જીલ્લાનાં કલેકટર સાહેબે તેમનાં હુકમ નંબર-૩૧૫/૨૫/૦૩ /૦૦૩/૨૦૨૧ થી તારીખ-૧૫/૦૬/૨૦૨૧ નાં રોજ આપેલ છે. અને મજકુર મીલકત પૈકી ક્ષેત્રફળ -૦,૫૦૩.૦૦ ચોરસ મીટરવાળી બીનખેતીની જમીન તેમ્બોએ હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલું છે. જેથી મજકુર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હકક, હીસ્સો કે ભરણપોષણનો કે ઠોમેન્ટનો કે બોજાનો કે, સંપાદનનો કે અન્ય તરફનો હકક હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ (સાત) માં હમોને લેખીતમાં જરૂરી અને પુરતા પુરાવાઓ સહીત પોતાનાં હકક દાવાઓ કે વાંધાઓ રજુ કરવા. અને જો ઉપરની મુદતમાં કોઈનાં કોઈપણ પ્રકારનાં વર. વાંધાઓ આવશે નહીં તો કોઈનાં પણ હકકદાવાઓ કે વાંધાઓ નથી અને જો તેવા હોય તો તેમણે જાતે કરેલાં વાને વેચ કરેલાં છે તેવું સમજી અમારા અસીલ મજકુર મીલકત અંગેનાં વેચાણનાં વહેવારો પરીપૂર્ણ કરવી લેશે. અને તે અંગે પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તેની નોંધ લેશોજી.

તારીખ- ૧૮/૦૬/૨૦૨૧
પારલીયા, જિલ્લા પારડી,
તા. પારડી, જી. વલસાડ.
ફોન :- (મો.) ૯૮૨૫૦ ૭૧ ૧૮૦.

શ્રી દિનેશ હિરાચંદ શાહ
તે
ખરીદનારાં એડવોકેટ

ટોકિયો બ્યાસ્ટ ઇન્ટરનેશનલ લિમિટેડ
રજી. ઓફિસ: ખોલ નં. 363/1 (1, 2, 3), બી વર્કસ ઉન્ડ્રાણી એસ્ટેટ, કોલી વાસ રોડ, દમણ, દમણ અને દીવ-396210
CIN: L25209DD1999PLC009784
વેબસાઈટ: www.tokyoblast.in
ટેલિ.: +91-22-61453300,
ફેક્સ: +91-22-66914499

નોટીસ

સેબીના નિયમન ૪૭ને નિયમન 29 હાલે બંધાયેલ લાઈને (શિયાવાડી) અને જાહેર કરાવાની જરૂરિયાતની બાકી નિયમો 2015ની નોટીસ આથી જાણ કરવામાં આવે છે કે, 31 માર્ચ, 2021 ના એને સેબી નિયમન ૪૭ના નિયમિકિત અને વાર્ષિક ઓડિટેડ નાણાકીય પરિણામ (એકલ અને એકીકૃત)ના બન્ને સેટ બોર્ડ ઓફ ડાયરેકટરોની મીટીંગ દ્વારાઃ, 18 જુન, 2021 ના રોજ યોજાનાર હતી જેને લઈ બુધવાર, 30 જુન, 2021 ના રોજીની કુનિશ્ચિત કરવામાં આવેલ છે.

વધુ વિગતો માટે રોકાણકારો જુલાઇના સોર્ટ-નિયમની વેબસાઈટ www.tokyoplaastsir.in અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com

સ્થળ: સુરત,
તા.18/06/2021

ઓર્ડર આથી અનુસાર
સહી/-
હોલ ટી. શહ, કમ્પનીસર
DIN: 00008339

ટોકિયો બ્યાસ્ટ ઇન્ટરનેશનલ લિમિટેડ
રજી. ઓફિસ: ખોલ નં. 363/1 (1, 2, 3), બી વર્કસ ઉન્ડ્રાણી એસ્ટેટ, કોલી વાસ રોડ, દમણ, દમણ અને દીવ-396210
CIN: L65923DD1994PLC009783
વેબસાઈટ: www.tokyoplaastsir.in
ટેલિ.: +91-22-61453300,
ફેક્સ: +91-22-66914499

નોટીસ

સેબીના નિયમન ૪૭ને નિયમન 29 હાલે બંધાયેલ લાઈને (શિયાવાડી) અને જાહેર કરાવાની જરૂરિયાતની બાકી નિયમો 2015ની નોટીસ આથી જાણ કરવામાં આવે છે કે, 31 માર્ચ, 2021 ના એને સેબી નિયમન ૪૭ના નિયમિકિત અને વાર્ષિક ઓડિટેડ નાણાકીય પરિણામ (એકલ અને એકીકૃત)ના બન્ને સેટ બોર્ડ ઓફ ડાયરેકટરોની મીટીંગ દ્વારાઃ, 18 જુન, 2021 ના રોજીની કુનિશ્ચિત કરવામાં આવેલ છે.

વધુ વિગતો માટે રોકાણકારો જુલાઇના સોર્ટ-નિયમની વેબસાઈટ www.tokyoplaastsir.in અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com

સ્થળ: સુરત,
તા.18/06/2021

ઓર્ડર આથી અનુસાર
સહી/-
હોલ ટી. શહ, કમ્પનીસર
DIN: 00008339

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, કમારા અસીલશ્રી મોજે ગામ અલ્લામાં, તા.જી. વલસાડના આવેલ નીચે જણાવેલ જમીન/જમીનો નાકજુ, બોજાવાળી, બોજા મારકીના દાટીલાની તેમાં જે તે સાથીકો અને કબજેદારો પાસેથી પેઢાણ રાખવા રાખેલ છે. જેથી જે કોઈ વ્યક્તિ, સંસ્થા, પેઢી, ટ્રસ્ટ, કંપની કિસોનો સરવુ જમીન/જમીનો સબંધી વાંધો, વિરોધ કે તકરાર લેખ તે તેણી લેખીતમાં જરૂરી દસ્તાવેજુ પુરાવા સહીત આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૪ (સાત) માં હમોને નીચેના સરનામે પહ્ચા કરવી. આ નોટીસ પ્રસિધ્ધની તારીખથી દિન-૧૪ (સાત) બિત્યાબાદ તરફનું જમીન/જમીનોની કમારા અસીલશ્રીની ખરીદી પરત્વે કોઈનો કોઈપણ બોજો, વિરોધ કે તકરાર સાફ રાખવામાં આવશે નહી. જેની જોશ જાણતાકો નોંધ લેવી.

અ. નં.	જમીન માલિકોના નામો અને સરનામું	નાયો બ્લોક/ સર્વે નં.	પ્રમોલનોલા પાર્ટીનું લોકાન			જુનો બ્લોક/ સર્વે નં.	પ્રમોલનોલા પહોચાનું લોકાન		
			હે.	આરે.	સો.મી.		હે.	આરે.	સો.મી.
૧	શ્રી અનીતભાઈ સંપતલાઈ દેસાઈ, રહેવાશી : મોટા ફળીયુ, અલ્લામાં, તા.જી. વલસાડના	૧૩૩	૦૦	૮૦	૧૩૩/૨/ પેઢી ૧	૦૦	૦૮	૦૦
		૨૪૮	૦૦	૧૭	૨૪૭/૧	૦૦	૧૭	૨૦
		૨૪૦	૦૦	૧૧	૧૩૪/૨	૦૦	૧૧	૧૦
		૨૮૭	૦૦	૦૯	૦૮	૧૩૪/૩	૦૦	૦૯	૦૭
		૨૮૪	૦૦	૧૮	૪૫	૧૩૪/૩	૦૦	૧૮	૨૧
		૨૮૫	૦૦	૦૪	૧૦	૧૩૪/૧	૦૦	૦૪	૦૫
૨	શ્રી વાસંત પાલજુ દેસાઈ તથા શ્રી નિલેશ પાલજુ દેસાઈ તથા સલિલેશ પાલજુ દેસાઈ તથા મમતા વેકુંઠ દેસાઈ તથા જેમ વેકુંઠ દેસાઈ સરનામ વલ્લસાડ : દેસાઈ ફળીયુ, અલ્લામાં, તા.જી. વલસાડનાં	૨૦૦	૦૦	૧૦	૧૦	૧૩૪/૧	૦૦	૧૦	૨૨

વિપુલ સ. ડાપડીયા - એડવોકેટ
"મીનોચર બીલ્ડીંગ", આઈ.સી.સી. પેટ્રોલ પંપની સામે, વલસાડ-પારનુર રોડ, વલસાડ - ૩૬૬૦૧.

તા. ૧૮/૬/૨૦૨૧

:: PUBLIC NOTICE FOR LOST TITLE DOCUMENTS ::

NOTICE is hereby given that **VITESSE PRIVATE LIMITED**, a company registered under the provision of The Company Act. 1956 and amended as time to time, having its registered office at 1 Turf View, Seth Motilal G Sanghi Marg, Worli, Mumbai 400018. is lawful owner, occupier & possessor of following property, but the chain of title of the following documents have been lost/misplaced by them, hence through this notice any body has any kind of objection, claim, lien, charge and encumbrance of whatsoever nature in respect of following property. the same shall be intimated to the undersigned within 15 (FIFTEEN) DAYS from the publication of this notice, failing which the undersigned shall give Title Search Report of following property and thereafter, no claim shall be entertain by my client.

THE SCHEDULE OF THE PROPERTY ABOVE REFFERED TO

ALL THAT piece of NA land bearing Survey nos. **137/1 & 148/1** (New survey no. **387 & 388**), with a total plot area of 10, 036 square meters and the Administrative Building and Industrial Shed structure standing thereon **situated at Village-** Valvada, National Highway No.48, Near Karambele Station, Tal. Umbergaon, District Valsad, Gujarat 396105.

DESCRIPTION OF MISPLACED DOCUMENTS

1).**Original sale deed** executed between Gulam Rasool Rehman Sheikh and others and VITESSE LIMITED through their director namely Shri Ashwinbhai Mahendrabhai Sangi registered in the office of sub-registrar of Killa-Pardi vide **serial No. 1871** dated **04/08/1995** along with **registration receipt (R.R).**

ADDRESS: Office No-106, Mahavir Shopping Arcade Association, Mahavir Nagar, next to Hotel Anand Inn, NH-48, Vapi, Tal- Vapi, Dist: Valsad, Gujarat-396191.

Sd/-
MR. SOHIL B. SHAH
(ADVOCATE)

-:: જાહેર નોટીસ ::-

આથી આ જાહેર નોટીસ દ્વારે લાગતા વળગતા તમામ ને જણાવવામાં આવે છે કે વલસાડ ડિસ્ટ્રીકટના રજી. સબ ડિસ્ટ્રીકટ ઉમરગામ તાલુકાના મોજે ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલ

Sr. No.	Plot/ Shed No.	Industrial Estate	Area (Sq Mt.)	Owner 's Name
1	Shed No. J-7 J-8	Umbergaon GIDC	1530.00	Lovson Industries
2	Shed No. J-9	Umbergaon GIDC	641.00	Lovson Industries
3	Shed No. J-10	Umbergaon GIDC	641.00	Lovson Industries
4	Plot No. 9/11, 9/12, 9/13, 9/14	Umbergaon GIDC	2625.00	Lovson Industries
5	Quarter No C4/S4 S6-S7	Umbergaon GIDC	111.75 Sq. Mtrs	Lovson Industries

વાળી મિલકતો જી.આઈ.ડી.સી. રેકર્ડ ઇકતે ઉપર જણાવ્યા મુજબ બે. લોવસન ઈન્ડસ્ટ્રીઝ નામની ભાગીદારી પેઢીના નામે માલી આવેલ છે. અને ઉપરોકત વર્ણવેલ મિલકતનાં એક ભાગીદાર શ્રી નિતીન જ. શાહનું તા.૦૯/૦૯/૨૦૧૭ના રોજ અવસાન થયેલ છે. અને તેમના સીબીઈઈટીના વખત વારસદારો માને કે બનાવ અસીલ (૧) દમયંતિ નિતીનકુમાર(પત્ની),(૨) મજકુર નિતીન શહ (પુત્ર),(૩) મજકુર નિતીન શહ(પુત્ર)નાં છે. જે વખત વારસોએ ઉપરોકત મિલકતમાં ભાગીદાર શ્રી નિતીન જ. શાહ નો માલી આવેલ હક્ક હિસ્સો તેમોની તરફેણમાં જી.આઈ.ડી. રેકર્ડ ઇકતે દુરુસ્તકર કરવા માટે અરજ કરેલ છે. જેથી સદર તમામની સબંધી કોઈપણ વ્યકિતને વાંધાઓ હોય તો સંબંધિત દસ્તાવેજી આધાર-પુરાવા સાથે લખીને નીચે જણાવેલ સરનામે ૧૦(દશ) દિનમાં રજી.એટી. પોષ્ટથી લખીને મોકલી આપવા અથવા લખાતી રૂબરૂ નોંધવા કરાવને સંપર્ક કરી આપવા. અને તેમ કરવામાં કસર થયેથી તમારૂ માનવું કોઈ કે જે તે હિસ્યો તથા સંસ્થાઓનો મજકુર મિલકતમાં કોઈપણ જાતનો લાગભાગ, દરદાવો, હિત, હક્ક, હીસ્સો નથી કે માર્ગ-બોજો નથી અને હોય તો લખાતા અસીલની તરફેણમાં જરૂરી બાને કરજન કરેલ છે. તથાપણ લખાતા અસીલ સદર ઉપરોકત વર્ણન વાળી મિલકતના દુરુસ્તકરને લગતા કાર્યવાહી કામકાજના કામો લોવો પોતાની તરફેણમાં કરાવી લેવી અને ત્યારપછી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં અને જરૂરી કામકાજ કરવાનો અવસો નહી. જેની આ નોટીસ દ્વારે લાગતાં વળગતાઓને નોંધ લેવી.

તા. ૧૭/૬/૨૦૨૧
સ્થળ: વપી, નગરપાલિકા વેબસાઈટ,
હોસ્પલી રોડ, ગુજીન, જી.આઈ.ડી.સી.,
શ્રી કલ્પેશ કે. પટેલ વાપી, તા. વાપી, જી. વલસાડ.
મો. નં. ૯૮૨૫૩૨૪૪૪૫

સહિ/-
માલી સુચનાથી
શ્રી કલ્પેશ કે. પટેલ
એડવોકેટ

-:: જાહેર નોટીસ ::-

આથી આ જાહેર નોટીસ દ્વારે લાગતા વળગતા તમામ ને જણાવવામાં આવે છે કે વલસાડ ડિસ્ટ્રીકટના રજી. સબ ડિસ્ટ્રીકટ ઉમરગામ તાલુકાના મોજે ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલ

Sr. No.	Plot/ Shed No.	Industrial Estate	Area (Sq Mt.)	Owner 's Name
1	Shed No. J-7 J-8	Umbergaon GIDC	1530.00	Lovson Industries
2	Shed No. J-9	Umbergaon GIDC	641.00	Lovson Industries
3	Shed No. J-10	Umbergaon GIDC	641.00	Lovson Industries
4	Plot No. 9/11, 9/12, 9/13, 9/14	Umbergaon GIDC	2625.00	Lovson Industries
5	Quarter No C4/S4 S6-S7	Umbergaon GIDC	111.75 Sq. Mtrs	Lovson Industries

વાળી મિલકતો જી.આઈ.ડી.સી. રેકર્ડ ઇકતે ઉ